**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
**Udhna-Magdalla Road, P.B. No. 49**
**SURAT - 395 007 (Gujarat)**
☎ : 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** VNSOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯**
**સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)**
☎ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**ફેક્સ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**તાર :** વીએનસોગુની

**E-mail :** sgu@sguernet.in

ખાનગી
ફક્ત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની સામાન્ય સભા
તા. ૧૬–૧૨–૨૦૦૪

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા. ૧૬–૧૨–૨૦૦૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | | તા.૧૬–૧૨–૦૪ |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૨ | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | –ખાલી– | – |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |
| ૧૮ | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯ | શ્રીમતી સાધના ભંડારી | હાજર |

અધ્યક્ષશ્રીની અનુપસ્થિતિમાં સભાનું અધ્યક્ષસ્થાન ઉપકુલપતિશ્રીએ સંભાળ્યુ હતું.

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાં નીચેનાં શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. જેને સભાગૃહે બે મિનિટનું મૌન પાળી પસાર કર્યા હતા.

**૧. સ્વ. અશેષ કે. મહેતા:**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટીમાં જુ.કલાર્ક/ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતાં શ્રી અશેષ કૃષ્ણકાંત મહેતાના બુધવાર, તા. ૧૦–૧૧–૨૦૦૪ના રોજ ૪૬ વર્ષની નાની વયે અચાનક થયેલ દુ:ખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે.

સદ્દગત મહેતા આ યુનિવર્સિટીમાં તા. ૧–૧૨–૧૯૮૭ થી યુનિવર્સિટીની સેવામાં જુ.કલાર્ક/ટાઈપીસ્ટ તરીકે જોડાયા હતાં ત્યારથી યુનિવર્સિટીના વિવિધ વિભાગો જેમકે ગ્રંથાલય વિભાગ, પરીક્ષા વિભાગ તથા રવાનગી વિભાગમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. તેઓ તેમની ફરજ પ્રત્યે સતત જાગૃત અને ચિંતિત રહેતા. તેમની કામની ચીવટાઈ, ઉદ્યમશીલતા અને સરળ નિખાલસ તેમજ હસમુખ અને મિલનસાર સ્વભાવને લીધે તેઓ યુનિવર્સિટીના અધિકારીઓ તેમજ કર્મચારીગણમાં પ્રિયપાત્ર બન્યાં હતાં. યુનિવર્સિટીના વહીવટીમાં તેમનું યોગદાન પ્રસંશનીય રહયું હતું.

સદ્દગત મહેતાના દુ:ખદ નિધનથી કુંટુંબીજનો પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ તેઓને શકિત આપે તથા સદ્દગતના પૂણ્ય આત્માને ચિરશાંતિ અર્પે એવી આ સભા પ્રાર્થના કરે છે.

**૨. સ્વ. નબધનભાઈ એમ નાયક:**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુવિનર્સિટીની સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે ફરજ બજાવેલ ભૂતપૂર્વ કર્મચારી અને તા. ૩૦–૬–૧૯૯૯ નાં રોજ વય મર્યાદાને કારણે નિવૃત થયેલ શ્રી નબધનભાઈ નાયકનાં તા. ૧૫–૧૧–૨૦૦૪ નાં રોજ થયેલ દુ:ખદ અવસાન બદલ શોકની લાગણી વ્યકત કરે છે.

સ્વ. નબધનભાઈ આ યુનિવર્સિટીમાં માળી તરીકે તા. ૧–૪–૧૯૭૭ થી જોડાયા હતા અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. તેઓ કર્મચારી તરીકે ખૂબ મહેનતુ અને કર્તવ્યનિષ્ઠ હતા. તેમના શાંત અને મિલનસાર તેમજ સાલસ સ્વભાવને કારણે તેઓ કર્મચારીગણમાં પ્રિય હતા અને યુનિવર્સિટી કેમ્પસ ખાતેનાં બગીચાઓને જીવંત રાખવાની એક માળી તરીકે ઈચ્છા ધરાવતા હતા અને બગીચાઓની જાળવણી માટે તનતોડ મહેનત પણ કરતા હતા. તેમના અવસાનથી એમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ તેઓને શકિત આપે તથા સ્વર્ગસ્થનાં પૂણ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી આ સભા પ્રાર્થના કરે છે.

**૩. સ્વ. ચંદ્રસિંહ ભરતસિંહ વસાવા:**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટી કાર્યાલયમાં જુ.કલાર્ક/ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી ચંદ્રસિંહ ભરતસિંહ વસાવાના બુધવાર, તા. ૮–૧૨–૨૦૦૪ના રોજ ૪૫ વર્ષની નાની વયે થયેલ અચાનક દુ:ખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે.

સદ્દગત વસાવા આ યુનિવર્સિટીમાં તા. ૨૨–૧૧–૧૯૮૭થી જુ.કલાર્ક/ટાઈપીસ્ટ તરીકે જોડાયા હતા અને ત્યારથી તેઓ યુનિવર્સિટીના હિસાબી વિભાગમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. તેઓ તેમની ફરજ પ્રત્યે સતત જાગૃત અને ચિંતિત રહેતા, તેમની કામ પ્રત્યેની ચીવટાઈ, ઉદ્યમશીલતા, સરળ, નિખાલસ અને મિલનસાર સ્વભાવને લીધે તેઓ યુનિવર્સિટીના અધિકારીઓ તેમજ કર્મચારીગણમાં પ્રિયપાત્ર બન્યા હતા. યુનિવર્સિટીના વહીવટમાં તેમનું યોગદાન પ્રસંશનીય રહયું હતું.

સદ્દગત વસાવાના દુ:ખદ નિધનથી તેઓના કુંટુબીજનો પર આવી પડેલી અણધારી આપત્તિ સહન કરવાની પ્રભુ તેઓને શકિત આપે તથા સદ્દગતના પૂણ્ય આત્માને ચિરશાંતિ બક્ષે એવી આ સભા પ્રાર્થના કરે છે.

**૪ ડૉ. મહેશભાઈ જે. દેસાઈ**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા વલસાડ ની બી.કે.એમ. સાયન્સ કોલેજનાં ઉપાચાર્ય અને બાયોલોજી વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. મહેશભાઈ જે. દેસાઈનાં તા. ૮–૧૨–૨૦૦૪નાં રોજ હૃદયરોગનાં તીવ્ર હુમલાથી થયેલ અવસાન બદલ ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે.

સદ્ગત ડૉ. મહેશભાઈ દેસાઈ બી.કે.એમ સાયન્સ કોલેજમાં ૧૯૬૯માં બાયોલોજી વિભાગમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે જોડાયા ત્યારથી તેમની નિષ્ઠા, ચીવટાઈ અને વિદ્યાર્થીહિત માટેની ચિંતાને કારણે તેઓ હંમેશા કાર્યરત અને પ્રવૃત્તિમય રહેતા હતા. વર્ગખંડનું શિક્ષણ હોય કે સંશોધન માટે કોઈક સ્થળની મુલાકાત હોય, તેઓ સંપૂર્ણ તૈયારી અગાઉથી રાખતા હતા. તેમની સ્પષ્ટ રજૂઆત અને સરળ સમજૂતી આપવાની કુશળતાને કારણે તેઓ વિદ્યાર્થીઓનાં પ્રિય પ્રેરણાપાત્ર બની રહયા હતા.

કોલેજનાં શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ માટે તેઓ એક ઉમદા સહકાર્યકર હતા. તેમનો મિલનસાર અને હસમુખો સ્વભાવ, તેમની સૌને મદદરૂપ થવાની ભાવના અને કર્તવ્ય નિષ્ઠા હંમેશા માર્ગદર્શક બની હતી.

ડૉ. દેસાઈનાં દુ:ખદ નિધનથી કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ તેઓને શક્તિ આપે તથા સદ્ગતનાં પૂણ્ય આત્માને ચિરશાંતિ અર્પે એવી આ સભા પ્રાર્થના કરે છે.

(૧) સિન્ડિકેટ, તા. ૧૫–૧૭/૭/૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: સિન્ડિકેટની તા. ૧૫–૧૭/૭/૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.

(૨) સિન્ડિકેટ, તા. ૧–૮–૨૦૦૪ ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: સિન્ડિકેટની તા. ૧–૮–૨૦૦૪ ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.

(૩) સિન્ડિકેટ, તા. ૧૨–૮–૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: સિન્ડિકેટની તા. ૧૨–૮–૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.

(૪) સિન્ડિકેટ, તા. ૨૩–૯–૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: સિન્ડિકેટની તા. ૨૩–૯–૨૦૦૪ ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.

(૫) કોલેજનું નવું/વધારાનું/ચાલુ જોડાણની અરજી અંગેની અરજી ફી, લેટ ફી તથા અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ–૬૬(૧) માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે સિન્ડિકેટે, તેની તા.૯–૧–૨૦૦૪ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૮૭) અન્વયે, નિયુક્ત કરેલ સમિતિએ જરૂરી/સુધારા સાથે રજૂ કરેલ ઓર્ડિનન્સ–૬૬(૧) ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કોલેજોના નવા/ચાલુ જોડાણ અંગેનો ઓર્ડિનન્સ ૬૬(૧) માં જરૂરી સુધારો/વધારો કરવા અંગેની સમિતિનો અહેવાલ સ્વીકારવો અને પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ જરૂરી સુધારા/વધારા સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી અમલ કરવાનું રાખવું (પરિશિષ્ટ:– ક)

(૬) યુનિવર્સિટી સંલગ્ન શ્રી મણીલાલ કડકિયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વરમાં ટી.વાય.બી.સી.એ માં ૪ (ચાર) વિદ્યાર્થીઓ છે, એસ.વાય.બી.સી.એ.માં કોઈ વિદ્યાર્થી નથી અને એફ.વાય.બી.સી.એ.માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો નથી. પ્રસ્તુત સંસ્થા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ દરમ્યાન ટી.વાય.બી.સી.એ.માં ૪ (ચાર) વિદ્યાર્થીઓ સાથે કોલેજ ચલાવી શકવાની સ્થિતિમાં ન હોવાથી, પ્રસ્તુત ૪ (ચાર) વિદ્યાર્થીઓને નજીકની કોઈ કોલેજમાં ટ્રાન્સફર કરવાની તથા બી.સી.એ. અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫ થી બંધ કરવાની વિનંતી કરતા પ્રસ્તુત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનાં તા.૩–૭–૨૦૦૪નાં પત્રાંક: એમએચકેસીટી /બીઆરડી/ ૮૪૫/૨૦૦૪–૦૫ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત સંસ્થાએ જણાવેલ ચાર વિદ્યાર્થીઓને નજીકની કોલેજમાં ટ્રાન્સફર આપવાની વિનંતીનો સ્વીકાર કરવો.

વધુમાં યુનિવર્સિટીની પરવાનગી વિના જે તે વિદ્યાર્થીઓને ભરૂચ ખાતેની એમ.કે.ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝમાં ટ્રાન્સફર કરી દીધેલ છે જે યોગ્ય નથી. ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેની તકેદારી રાખવા બાબતનો ઠપકો (બી.સી.એ) કોલેજના સંચાલક મંડળને આપવો.

(૭) યુનિવર્સિટી સંલગ્ન (અનુદાનપાત્ર અને સ્વનિર્ભર) કોલેજોમાં વખતો વખત આચાર્ય/પ્રોફેસર/ એસોસીએટ પ્રોફેસર /આસીસ્ટન્ટ પ્રોફેસર/વ્યાખ્યાતાની પસંદગી કરવા પસંદગી સમિતિ દ્વારા જે તે કોલેજમાં જરૂરી સંખ્યાના ઉમેદવારોની સાથે તેની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવે છે. આમ તૈયાર કરેલી પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ) કાયદાકીય રીતે કેટલા સમય પૂરતું માન્ય રાખવી, તે અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર કોલેજો દ્વારા આપવામાં આવતી નિમણૂંકો અંગે પસંદગી સમિતિ દ્વારા સૂચવેલી યાદીને કોલેજ દ્વારા પ્રથમ નિમણૂંક આપ્યાનાં છ માસ સુધી માન્ય રાખવી.

(૮) યુનિવર્સિટી સંલગ્ન નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીમાં એફ.વાય.બીકોમ. લેવલે અંગ્રેજી માધ્યમનો વધારાના એક ડીવીઝન શરૂ કરવાના મુદ્દે માન. કુલપતિશ્રીએ નિયુકિત કરેલ સ્થાનિક તપાસ સમિતિ (એલ.આઈ.સી.)નાં અહેવાલ પર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૯) ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી એસ.વાય.બી.એ.માં અંગ્રેજી (ગૌણ) વિષય તેમજ એફ.વાય.બી.એ.માં અંગ્રેજી (ગૌણ) વિષયનું ચાલુ જોડાણ અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૦૬થી વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજી મુખ્ય (ઐચ્છિક) વિષય તરીકે શીખવવા માટેનું વધારાનું જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના તા. ૨૫–૮–૨૦૦૪નાં પત્રાંક : જોડાણ /૨૦૦૪–૦૫/૧૯૫ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી એસ.વાય.બી.એ.માં અંગ્રેજી (ગૌણ) વિષય તેમજ એફ.વાય.બી.એ.માં અંગ્રેજી (ગૌણ) વિષયનું ચાલુ જોડાણ અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૦૬થી વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજી મુખ્ય (ઐચ્છિક) વિષય તરીકે શીખવવા માટેનું વધારાનું જોડાણ મેળવવા માટેની અરજીના સંદર્ભમાં જરૂરી તપાસ માટે સ્થાનિક તપાસ સમિતિ (L.I.C) ની નિમણૂંક કરવાની જરૂરી સત્તા કુલપતિશ્રીને આપવી.

(૧૦) સરસ્વતી વન વિદ્યા મંડળ, માંડ્વી સંચાલિત માંડ્વી મુકામે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૫–૨૦૦૬થી સૂચિત નવી સ્વનિર્ભર બી.એડ.કોલેજ શરૂ કરવા પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીએ તેમના તા. ૨૯–૦૯–૨૦૦૪ના પત્રાંક : ૨૫/૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત મંડળ તરફથી સને ૨૦૦૫–૨૦૦૬નાં શૈક્ષણિક વર્ષથી બી.એડ. કોલેજની મંજૂરી બાબતે સરકારશ્રી તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલ પરિપત્રની જાણ કરવી અને સ્થાનિક તપાસ સમિતિ (L.I.C) મોકલવી નહી.

(૧૧) શ્રી સર્વદશીય વિકાસ મંડળ, રાંદેર સંચાલિત સુરત મુકામે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૫–૨૦૦૬થી સૂચિત સ્વનિર્ભર લોકમાન્ય બી.એડ.કોલેજનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીએ તેમના તા.૧૬–૦૯–૨૦૦૪ના પત્રાંક: ૩૧ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત મંડળ તરફથી સને ૨૦૦૫–૨૦૦૬નાં શૈક્ષણિક વર્ષથી બી.એડ્. કોલેજની મંજૂરી બાબતે સરકારશ્રી તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલ પરિપત્રની જાણ કરવી અને સ્થાનિક તપાસ સમિતિ (L.I.C) મોકલવી નહી.

(૧૨) યુનિવર્સિટી સંલગ્ન (અનુદાનપાત્ર તેમજ સ્વનિર્ભર ) કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સંખ્યા અને તે અનુરૂપ શિક્ષકોની જરૂરીયાત વિગેરે બાબતો અંગે સિન્ડિકેટ સભ્ય ડો. વિપુલ સોમાણી ના તા. ૨૯–૯–૨૦૦૪ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૧૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને કાયમી જોડાણ આપી અન્ડર સેકશન ૨ (એફ) અને ૧૨ (બી) નાં યુ.જી.સી. એકટ હેઠળ સમાવવા અંગેના વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીના સંયુકત સચિવશ્રીના તા.૧૬–૮–૨૦૦૪ના પત્રાંક: ડી.ઓ.નં. એફ. ૧–૧/૨૦૦૪ **(CPP-1)** ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીનાં તા.૧૬–૮–૨૦૦૪ના ઉપરોકત પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તમામ અનુદાન પ્રાપ્ત કોલેજોને યુજીસી એકટ અન્ડર સેકશન ૨ (એફ) અને ૧૨ (બી) હેઠળ કાયમી જોડાણ મેળવવા માટેની જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવા જણાવવું. તથા કાનૂન વિદ્યાશાખાની કોલેજો અંગે જરૂરી યાદી સામેલ કરી ઉપરોકત પત્રનો સંદર્ભ ટાંકી ઘટતુ કરવા યુજીસી ને પત્ર લખવો.

(૧૪) ધ માંડવી એજ્યુકેશન સોસાયટી, માંડવી (જિ. સુરત) ધ્વારા માંડવી (જિ. સુરત) મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬ થી સૂચિત સ્વનિર્ભર ધી માંડવી એજ્યુકેશન સોસાયટી બી.એડ. કોલેજનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત સોસાયટીનાં પ્રમુખશ્રીએ તેમના તા. ૨૧–૧૦–૨૦૦૪ નાં પત્રાંક: ૫૯/૨૦૦૪–૨૦૦૫ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત મંડળ તરફથી સને ૨૦૦૫–૨૦૦૬નાં શૈક્ષણિક વર્ષથી બી.એડ્. કોલેજનું જોડાણ બાબતે સરકારશ્રી તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલા પરિપત્રની જાણ કરવી અને સ્થાનિક તપાસ સમિતિ (LIC) મોકલવી નહી.

(૧૫) યુનિવર્સિટી દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓના પરિણામો જાહેર થયા બાદ વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનમાં સુધારા કરવા માટે કોલેજોના આચાર્યશ્રીઓ મારફત અરજીઓ આવે છે, જેનાથી પરીક્ષા વિભાગને મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી પરિણામ જાહેર થયા બાદ ઇન્ટરનલ માકર્સ સુધારવા બાબતે નિતિ વિષયક નિર્ણય કરી રીપોર્ટ તૈયાર કરવા માટે માનનીય કુલપતિશ્રીએ નિમેલી સમિતિએ તેની તા. ૧૩–૮–૨૦૦૪ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓના પરિણામો જાહેર થયા બાદ વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનમાં સુધારા કરવા માટે કોલેજોના આચાર્યશ્રીઓ મારફત અરજીઓ આવે છે, જેનાથી પરીક્ષા વિભાગને મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી પરિણામ જાહેર થયા બાદ ઇન્ટરનલ માકર્સ સુધારવા બાબતે નિતિ વિષયક

નિર્ણય કરી રીપોર્ટ તૈયાર કરવા માટે માનનીય કુલપતિશ્રીએ નિમેલી સમિતિએ તેની તા. ૧૩–૮–૨૦૦૪ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણો સ્વીકારવી અને તેમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાનું રાખવું.

(૧૬) ઓકટોબર–૨૦૦૩માં લેવાયેલ **S.Y.Bcom.** પરીક્ષા ના બેઠક ક્રમાંક : ૨૭૪૭ ના એડ્વાન્સ એકાઉન્ટીગ પેપર –૧ ના ગુણોમાં ફેરફારના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૭ –૭–૦૪ ની સભામાં પ્રસ્તુત બાબતમાં જરૂરી તપાસ કરીને સંપૂર્ણ માહિતી ઈ.ચા.આચાર્યશ્રી પાસે મોકલી તાકીદ કરી મંગાવવાનું ઠરાવ્યું હતુ. સદરહું બાબતના સંદર્ભમાં અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના ઈ.ચા.આચાર્યશ્રીએ તેમના તા. ૩/૯/૨૦૦૪ ના પત્રથી મોકલેલ ખુલાસો / વિગત પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૧૭) પરીક્ષા આચાર સમિતિની તા. ૨૪–૯–૨૦૦૪ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૪–૯–૨૦૦૪ ની સભાની કાર્યવાહી મંજૂર કરવી.

વધુમાં હવે પછી જે તે વિદ્યાર્થીઓના કેસ સાથે નીચેની વિગતો પણ રજૂ કરવાનું રાખવું.

૧ ગુનાનો પ્રકાર
૨ વિદ્યાર્થીની લેખિત કબૂલાત છે કે કેમ?
૩ વિદ્યાર્થીની સમિતિ સમક્ષની કબૂલાત
૪ સમિતિનો અભિપ્રાય
૫ સજાનો પ્રકાર

(પરિશિષ્ટ:– ખ)

(૧૮) પરીક્ષા આચાર સમિતિની તા. ૨૮–૯–૨૦૦૪ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.... (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૮–૯–૨૦૦૪ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો મંજૂર કરવી.

(પરિશિષ્ટ:– ગ)

(૧૯) યુનિવર્સિટી સાયન્સ એન્ડ ઈન્સ્ટ્યુમેન્ટેશન સેન્ટર (યુસીક)માં સિનીયર સાઈન્ટીફીક ઓફીસર (એસ.એસ.ઓ.)તરીકે ફરજ બજાવતા શ્રી જે.પી.પટેલને યુ.જી.સી.ના તા.૨૫–૪–૨૦૦૪ના પત્ર ક્રમાંક ૧૨–૩/૭૭/એસઆર/III અંર્તગત સિન્ડિકેટની તા. ૧૨–૭–૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : ૩૮ તથા તા. ૨૯–૧૦/૭–૧૧–૨૦૦૧, ૨૧/૨૯–૧૨–૨૦૦૧ ઠરાવ ક્રમાંક ૪૬ થી નવમી પંચવર્ષીય યોજના હેઠળ વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગની ગાઈડ લાઈન્સ મુજબ યુસીકના સ્ટાફને રી–ડેઝીગ્નેટેડ કરવા તથા સિનીયર સાયન્ટીફીક ઓફીસરને નોન વેકશનલ એકેડેમિક સ્ટાફ ગણવામાં આવ્યા હોય તેમની નિવૃતીની વય મર્યાદા ૬૨ વર્ષની રાખવા અંગે કરેલ ઠરાવ સંદર્ભમાં શ્રી પટેલના નિવૃતીના કિસ્સામાં ઉપસ્થિત નીચે જણાવેલ મુદ્દાઓ પર વિચારણા કરવા બાબત.

(૧) સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરને વખતોવખત યુ.જી.સી.ની ગાઈડ લાઈન્સ મુજબ યુસીકના સ્ટાફને રી–ડેઝીગ્નેટેડ કરવા તથા એસ.એસ.ઓ. શ્રી જે.પી.પટેલને નિવૃતી વયમર્યાદા ૬૦ ના બદલે ૬૨ વર્ષ કરવા અંગે પત્રો પાઠવવા છતાં આજ દિન સુધી પ્રત્યુતર મળેલ નથી.

(૨) આ અંગે શ્રી પટેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ માં સરકારશ્રી સામે એપ્લીકેશન નં. ૧૦૨૮૯–૨૦૦૩થી કરેલ અરજી સંદર્ભમાં નામદાર હાઈકોર્ટ તા. ૧૮–૮–૨૦૦૩ સુધીમાં

યુનિવર્સિટીના તા. ૧૯–૬–૨૦૦૨, તા.૧૮–૨–૨૦૦૩ અને ૫–૩–૨૦૦૩ના પત્ર અન્વયે નિર્ણય કરી જાણ કરવાનો ઓર્ડર કર્યો હતો.

(૩) શ્રી પટેલની જન્મ તા.૧૮–૭–૧૯૪૩ સંદર્ભમાં ૬૦ વર્ષની મુદત તા. ૧૮–૭–૨૦૦૩ના રોજ પુરી થયેલ છે.

(૪) યુનિવર્સિટીએ તેમની નિવૃતી વયમર્યાદા ૬૨ વર્ષની કરવાનું ઠરાવેલ છે.

(૫) શ્રી પટેલના કિસ્સામાં યુનિવર્સિટીના હાઈકોર્ટના એડ્વોકેટ શ્રી ધવલભાઈ દવેનો અભિપ્રાય મેળવતા આ **dispute** પીટીશનર અને સ્ટેટ ગર્વમેન્ટ વચ્ચે છે. જ્યારે યુનિવર્સિટી એ તેમની નિવૃતી વયમર્યાદા ૬૦ વર્ષને બદલે ૬૨ વર્ષ ની ઠરાવેલ હોય એટલે સ્ટેટ ગર્વમેન્ટ જ્યાં સુધી જવાબ ફાઈલ ન કરે ત્યાં સુધી યુનિવર્સિટી પક્ષે તેમને ૬૨ વર્ષ પહેલા નિવૃત કરવાનું કોઈ કારણ રહેતું નથી.

(૬) શ્રી પટેલે હોઈકોર્ટ માં કરેલ અરજી સંદર્ભમાં આજ દિન સુધી જજમેન્ટ આવેલ ન હોય તેથી શ્રી પટેલ હાલ યુનિવર્સિટી નોકરીમાં કાર્યરત છે અને તેથી સિન્ડિકેટના ઠરાવ અન્વયે ૬૨ વર્ષ આગામી તા.૧૮–૭–૨૦૦૫ના રોજ પુરા કરશે અને સત્રના નિયમોનુસાર તા.૩૧–૧૦–૨૦૦૫ના રોજ નિવૃત કરવાના રહેશે. (વહિવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે ડૉ. પટેલ ધ્વારા દાખલ કરવામાં આવેલ અરજીને અનુલક્ષીને નામદાર વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ અંગે શી સ્થિતિ પ્રવર્તે છે તેની વિગતો મેળવી બાબત પુનઃ રજૂ કરવી.

(૨૦) યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **જુ.કલાર્ક** ની જગ્યા માટે **તદ્દન** હંગામી ધોરણે કરાર આધારીત ફીકસ્ડ પગારથી નિમણૂંક કરવા તા. ૨૧–૦૯–૨૦૦૪ના રોજ મળેલ સ્ટાફ અંગેની પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત. (વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **જુ.કલાર્ક** ની જગ્યા માટે **તદ્દન** હંગામી ધોરણે કરાર આધારીત ફીકસ્ડ પગારથી નિમણૂંક કરવા તા. ૨૧–૦૯–૨૦૦૪ના રોજ મળેલી સ્ટાફ અંગેની પસંદગી સમિતિની ભલામણ મંજૂર કરવી. (પરિશિષ્ટઃ– ઘ)

(૨૧) યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **લેબોરેટરી આસિસ્ટન્ટની** જગ્યા માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત ફીકસ્ડ પગારથી નિમણૂંક કરવા તા. ૨૦–૦૯–૨૦૦૪ના રોજ મળેલ સ્ટાફ અંગેની પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત. (વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **લેબોરેટરી આસિસ્ટન્ટની** જગ્યા માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત ફીકસ્ડ પગારથી નિમણૂંક કરવા તા. ૨૦–૦૯–૨૦૦૪ના રોજ મળેલી સ્ટાફ અંગેની સમિતિની ભલામણ મંજૂર કરવી. (પરિશિષ્ટઃ– ચ)

(૨૨) યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **હમાલ**ની જગ્યા માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત ફીકસ્ડ પગારથી નિમણૂંક કરવા તા. ૨૦–૦૯–૨૦૦૪ના રોજ મળેલ સ્ટાફ અંગેની પસંદગી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત. (વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં ૮ માસની મૃદત માટે **હમાલ**ની જગ્યા માટે જરૂર પડે ફરીથી જાહેરાત આપીને જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

(૨૩) યુ.જી.સી.ની કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વિવિધ અનુસ્નાતક વિભાગોના નીચે જણાવેલ શિક્ષકોને રીડર થી પ્રોફેસરના પ્રમોશન અંગે યુ.જી.સી.ના સુધારેલ નવા નિયમો અંતર્ગત કાર્યાલય તરફથી હાથ ધરેલ કાર્યવાહી સંદર્ભમાં આ અંગે યુ.જી.સી. તરફથી આવેલ રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | શિક્ષકનું નામ | વિભાગ |
|---|---|---|
| ૧. | ડો.કે.સી.પટેલ – રીડર | રસાયણ શાસ્ત્ર વિભાગ |
| ૨. | ડો.એન.બી.પટેલ – રીડર | રસાયણ શાસ્ત્ર વિભાગ |
| ૩. | ડો.વી.એ.માંગોલી – રીડર | ભૌતિક શાસ્ત્ર વિભાગ |
| ૪. | ડો.કે.સી.પોરીયા – રીડર | ભૌતિક શાસ્ત્ર વિભાગ |
| ૫. | ડો.પી.વી.દેસાઈ – રીડર | જીવવિજ્ઞાન વિભાગ |

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ની કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ ઉપર જણાવેલ અનુસ્નાતક વિભાગોના શિક્ષકોને રીડર થી પ્રોફેસર તરીકે તેઓ જે તારીખથી પાત્રતા (Eligibility) ધરાવતા હોય તે તારીખથી પ્રમોશન આપવું.

(૨૪) યુનિવર્સિટીના યુ.જી.સી. યુનિટમાં હેડ કલાર્ક તરીકે તા. ૨૫–૧૧–૨૦૦૩ થી એક વર્ષના અજમાયશી ધોરણે શ્રીમતી બી.બી.દેસાઈને બઢતી આપવાના સંદર્ભમાં તેમનો એક વર્ષનો અજમાયશી સમય તા.૨૪–૧૧–૨૦૦૪ના રોજ પુરો થતો હોય તેઓને પ્રસ્તુત જગા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત (વહિવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. યુનિટમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી બી.બી.દેસાઈને તેમના નામ સામે જણાવેલ તારીખથી તે પદ પર યુનિવર્સિટીની નોકરીમાં કાયમ કરવા.

(૨૫) સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૦–૨–૦૪ ની સભામાં કરેલ ભલામણોને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતાં સિન્ડિકેટે તેની તા. ૧૯–૨–૦૪ ના સભાના ઠરાવ ક્રમાંક ૪૪ તે માન્ય રાખતાં સ્થાયી સમિતિની ભલામણ અનુસાર યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નિમણૂંક પામેલ શ્રી આર.ડી.સોલંકીના પગાર ધોરણની વિસંગતતા અંગે તથા અન્ય પાસાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરવાં મા.કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ સમિતિની સભા તા. ૧૭–૯–૨૦૦૪ ના રોજ મળતાં સદરહું સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ પર વિચારણા કરવા બાબત. (વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૦–૨–૦૪ ની સભામાં કરેલ ભલામણોને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતાં સિન્ડિકેટે તેની તા. ૧૯–૨–૦૪ ના સભાના ઠરાવ ક્રમાંક ૪૪ તે માન્ય રાખતાં સ્થાયી સમિતિની ભલામણ અનુસાર યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નિમણૂંક પામેલ શ્રી આર.ડી.સોલંકીના પગાર ધોરણની વિસંગતતા અંગે તથા અન્ય પાસાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરવાં મા.કુલપતિશ્રી દ્યારા રચવામાં આવેલ સમિતિની તા. ૧૭–૯–૨૦૦૪ ના રોજ મળેલી સભાની ભલામણો પૈકીની ભલામણ ક્રમાંક–૧ નો સ્વીકાર કરવો તથા ભલામણ ક્રમાંક–૨ ના સંદર્ભે સમિતિને Detailed Report રજૂ કરવા જણાવવું.

(૨૬) જુદી જુદી પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવતા વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કરવા અંગે સિન્ડિકેટ ની તા. ૨૯–૦૫–૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક –૪૬ થી નિમવામાં આવેલ કમીટીની તા.૨૨–૯–૨૦૦૪ની સભામાં કરવામાં આવેલા ઠરાવ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જુદી જુદી પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવતા વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કરવા અંગે સિન્ડિકેટ ની તા. ૨૯–૦૫–૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક –૪૬ થી નિમવામાં આવેલી સમિતિ ધ્વારા કરવામાં આવેલ ઠરાવનો સ્વીકાર કરવામાં આવે છે.

(૨૭) ધ સાર્વજનિક મેડિકલટ્રસ્ટ, રામપુરા, સુરત સંચાલિત સ્વનિર્ભર અભ્યાસક્રમ પી.જી.ડી.એમ.એલ.ટી.માં ૩૦ વિદ્યાર્થીઓની માન્યતા છે, પ્રસ્તુત ટ્રસ્ટનાં માનદ્ મંત્રીએ તા.૨–૭–૨૦૦૪ નાં પત્રાંક: એસએમટી–ડીએમટી/૦૪–૦૫/૧૪૮ અને તા.૨૦–૭–૨૦૦૪નાં પત્રાંક: એસએમટી– ડીએમટી/૦૪–૦૫/ ૧૭૨ થી ચાલુ વર્ષ પુરતી ૩૦ સીટ ઉપરાંત વધારાની ૩૦ સીટ એટલે કે કુલ્લે ૬૦ બેઠકો કરવા અંગેની વિનંતી કરતા, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૨૮) એમ.બી.એ. ફૂલ ટાઈમ બીજા સેમેસ્ટરની વિદ્યાર્થીની કુ. સોનલ એન.દેસાઈની નીચે મુજબની ખૂટતી હાજરી મેડીકલ ગ્રાઉન્ડ પર માફ કરવા (કોન્ડોન કરવા) અંગેના ડી.બી.આઈ.એમ. અનુસ્નાતક વિભાગના વડાશ્રીના તા. ૨૦–૫–૨૦૦૪ ના પત્ર ક્રમાંક: MBA/Attendance(F.T.4)/51/2004 થી સદર વિદ્યાર્થીની ખૂટતી હાજરી કોન્ડોન કરવાની સત્તા સિન્ડિકેટને હોય જે અંગે પુન: વિચારણા કરવા બાબત.

| વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનીમમ લેકચર એટેન્ડડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખૂટતી હાજરી અને ટકા |
|---|---|---|---|---|
| Desai Sonalben N. | 389<br>100% | 292<br>75% | 187<br>48.03% | 105<br>26.97% |

નોંધ: (૧) સિન્ડિકેટનાં તા. ૨૪–૬–૨૦૦૪નાં ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે એમ.બી.એ. ફુલટાઈમ બીજા સેમેસ્ટરનાં ઉપરોકત વિદ્યાર્થીઓની હાજરી કોન્ડોન કરવી નહી,એમ ઠરાવેલ છે.

(૨) સદર વિદ્યાર્થીની તા. ૩–૯–૨૦૦૪ ની Mercy Request અરજી પરત્વે વિભાગીય વડાશ્રીએ (તા.૨૩–૯–૨૦૦૪ તથા ૪–૧૦–૨૦૦૪ની રીમાર્કસ) વિદ્યાર્થીનીના માંદગીના કારણોસર (મેડીકલ ગ્રાઉન્ડ) કલાસ એટેન્ડ કરવા શકય ન હતા તેથી કેસ રીકન્સીડર કરવા ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૨૯) સાયન્સ ફેકલ્ટીના ડીન તથા કેમેસ્ટ્રીની પી.જી.એડમીશન કમિટીના સભ્યોની સંયુકત સહીથી મળેલ પ્રસ્તુત પત્રની રજુઆત મુજબ (તા.૫–૧૦–૨૦૦૪) અનુસ્નાતક લેબોરેટરીમાં વપરાતાં કેમિકલ્સ, ગ્લાસવેર્સ અને ઈકવિપ્મેન્ટસ પાછળ દોઢથી બે લાખ રૂા.નો ખર્ચ થતો હોવાથી તથા ગુજ. ગર્વમેન્ટમાંથી ગ્રાંટ મળતી નથી, તેથી અનુ.કેન્દ્રો ચલાવવા કોલેજોને નાણાંકીય ભીડ અનુભવવી પડે છે. આ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:– (૧) ચાલુ વર્ષ ૬૦ ટકા થી વધુ ટકા માર્કસ મેળવેલ ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહ્યા છે.

(૨) યુનિ. ડિપાર્ટમેન્ટ ઉપરાંત સંલગ્ન કોલેજોમાં કેમેસ્ટ્રીના કુલ–૭ કેન્દ્રો છે.)

(અનુસ્નાતક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૩૦) તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરફથી કંપેરેટિવ લિટરેચર એસોસિએશન ઓફ ઈન્ડિયાની (આપણી યુનિવર્સિટીના સહયોગે–યુનિવર્સિટીનાં આંગણે) ૭મી દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ તા:૧૭–૧૮–૧૯/જાન્યુઆરી/૨૦૦૫ના દિવસોમાં યોજવા માટેની દરખાસ્ત બજેટ સાથે રજૂ કરવામાં આવી છે. તેને વંચાણમાં લઈ ચર્ચા કરી યોગ્ય તે નિર્ણય લેવા બાબત તથા આ દરખાસ્ત પ્રસાર થયેથી કોન્ફરન્સ કો–ઓર્ડિનેટર અને ઈ.ચા. કુલસચિવશ્રીનાં સંયુકત નામનું યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની વેસુ બ્રાન્ચમાં એકાઉન્ટ ખોલાવવાની પરવાનગી પણ આપવા બાબત.

(તુલનાત્મક સાહિત્ય વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરફથી કંપેરેટિવ લિટરેચર એસોસિએશન ઓફ ઈન્ડિયાની (આપણી યુનિવર્સિટીના સહયોગે–યુનિવર્સિટીનાં આંગણે) ૭મી દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ તા:૧૭–૧૮–૧૯/જાન્યુઆરી/૨૦૦૫ના દિવસોમાં યોજવા માટેની બજેટ સાથેની દરખાસ્તનો સ્વીકાર કરવો તથા તેને લગતું યુનિયન બેંક, વેસુ બ્રાંચ સુરતમાં ઉપર જણાવ્યા મુજબ સંયુકત નામનું ખાતુ ખોલાવવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

(૩૧) યુ.જી.સી.ના રીટાયર્ડ અન્ડર સેક્રેટરી શ્રી વી.આર.ડબરાલના પત્રના અનુસંધાને તેઓ યુ.જી.સી.ની વિવિધ યોજનાઓ બાબતે આપણી યુનિવર્સિટીને કન્સલટન્સી આપવા માંગે છે તે અંગે વિચારણા કરવા બાબત. (યુ.જી.સી.વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૩૨) શ્રી ભરૂચ જિલ્લા આદર્શ સમાજસેવા મંડળ, માંગરોલ, તા. નાંદોદ, જિ. નર્મદા ધ્વારા માંગરોલ, તા.નાંદોદ , જિ.નર્મદા મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬ થી સૂચિત સ્વનિર્ભર નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશનનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત મંડળનાં મંત્રીશ્રીએ તેમના તા. ૧૯–૧૦–૨૦૦૪ નાં પત્રાંક: ૫૧–૨૦૦૪–૦૫ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત મંડળ તરફથી સને ૨૦૦૫–૨૦૦૬નાં શૈક્ષણિક વર્ષથી બી.એડ્. કોલેજની મંજૂરી બાબતે સરકારશ્રી તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલ પરિપત્રની જાણ કરવી અને સ્થાનિક તપાસ સમિતિ (L.I.C) મોકલવી નહી.

(૩૩) યુનિવર્સિટીના યુ.જી.સી. વિભાગ ધ્વારા પ્લાનીંગ એન્ડ ઈવેલ્યુએશન (મોનીટરીંગ) બોર્ડની સભા તા. ૧૨–૧૦–૨૦૦૪ના રોજ મળી હતી તેના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી.)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

<u>**નોંધ લેવા બાબત :–**</u>

(૩૪) " INFLIBNET " પ્રોગ્રામ હેઠળ યુનિવર્સિટી ગ્રંથાલયને કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે સને ૨૦૦૪–૨૦૦૫ના વર્ષ માટે નીચે જણાવવા પ્રમાણે "Recurring Item's" માટે રૂા.૧,૭૨,૦૦૦/– (એક લાખ બોંતેર હજાર ) ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેની જાણ કરતા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના તા. ૨૩–૮–૨૦૦૪ ના પત્રાંક : એફ ૫૩/૯૯ (આઈયુસી) ની નોંધ લેવા બાબત.

| | |
|---|---|
| 1. Support for data entry work | ---- 72,000/- |
| 2. Telephone Charges | ---- 15,000/- |
| 3. Consumables ( @ Rs. 2500/- pm ) | ---- 30,000/- |
| 4 Maintenance Charges | ---- 55,000/- |
| | 1,72,000/- |

( યુજીસી યુનિટ )

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૩૫) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૬(૧) કલાસ–I(A)(i) અન્વયે સેનેટના હોદ્દાગત સભ્ય બનેલ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી પંડિત નવલકિશોર શર્મા આ યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાશાખાના સભ્ય થવા ઈચ્છતા નથી એમ જણાવતા રાજયપાલશ્રીના સચિવશ્રીના તા. ૮–૯–૨૦૦૪ ના પત્ર નં: જી.એસ. ૧૧/ ૫૭૯૫/ ૦૪ની નોંધ લેવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૬(૧) કલાસ–I(A)(i) અન્વયે સેનેટના હોદ્દાગત સભ્ય બનેલ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી પંડિત નવલકિશોર શર્મા આ યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાશાખાના સભ્ય થવા ઈચ્છતા નથી એમ જણાવતા રાજયપાલશ્રીના સચિવશ્રીના ઉપરોકત પત્રની નોંધ લેવી.

(૩૬) સિન્ડિકેટે તેની તા. ૨૯/૮/૨૦૦૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૦ અન્વયે યુનિવર્સિટીના ડિગ્રી સર્ટિફિકેટમાં હાલમાં વપરાવામાં આવતો લોગો નવો બનાવવા અંગે પસંદ કરવા અંગે નિમેલી સમિતિની તા. ૧૫/૯/૨૦૦૪ ની સભાની ભલામણ સમય–મર્યાદાની હોઈ કુલપતિશ્રીએ તેમને મળેલ વિશેષ સત્તા (૧૧/૪) કલમ હેઠળ મંજૂર કરેલ જેની નોંધ લેવા બાબત. પરીક્ષા (કોન્વો.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૨૯/૮/૨૦૦૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૦ અન્વયે યુનિવર્સિટીના ડિગ્રી સર્ટિફિકેટમાં હાલમાં વપરાવામાં આવતો લોગો નવો બનાવવા અંગે પસંદ કરવા અંગે નિમેલી સમિતિની તા. ૧૫/૯/૨૦૦૪ ની સભાની ભલામણ સમય–મર્યાદાની હોઈ જે મંજૂર કર્યાના પગલાની નોંધ લેવી.

(૩૭) એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ, ધરમપુર સંચાલિત શ્રી વનરાજ વિનિયન અને વાણિજય મહાવિદ્યાલય, ધરમપુરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી એફ.વાય./એસ.વાય./ટી.વાય.બી.એ.માં અંગ્રેજી (મુખ્ય) વિષય અને અંગ્રેજી હાયર (Higher Level Compulsory)નું વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નિયૂકત સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ, ધરમપુર સંચાલિત શ્રી વનરાજ વિનિયન અને વાણિજય મહાવિદ્યાલય, ધરમપુરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી એફ.વાય./એસ.વાય./ટી.વાય.બી.એ.માં અંગ્રેજી (મુખ્ય) વિષય અને અંગ્રેજી હાયર (Higher Level Compulsory)નું વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નિયૂકત સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>શરતો :–</u>**

(૧) સંસ્થાને સદર જોડાણ માટે તૃતીય વર્ષ માટે (T. Y. B. A. વર્ષ માટે) એક શિક્ષકની નિમણૂંક કરવાની રહેશે. અને તે માટે રાજય સરકારની માન્યતા અને પરવાનગી લેવાની રહેશે.
(૨) સંસ્થાએ વિષયમાં વધુ બે નવા કલાસરૂમો (S.Y.B.A., T.Y.B.A. વર્ષ માટે) બનાવવાના રહેશે.
(૩) સંસ્થાએ વધુ રૂા. ૨૦,૦૦૦/– ના અંગ્રેજી વિષયને લગતા પુસ્તકોની ખરીદી લાયબ્રેરીમાં કરવાની રહેશે.
(૪) યુનિવર્સિટી ધારા–ધોરણોનું અને ઓર્ડિનન્સનું યથાર્થ પાલન કરવાનું રહેશે.
(૫) રાજય સરકારની મંજૂરી બાદ જ આ વિષયો આપી શકાશે.

(૬) ઉપરોકત શરત નં. ૧ અને ૨ ની પૂર્તતાનો રિપોર્ટ સંસ્થાના આચાર્યશ્રીઓ દર વર્ષે યથા સમયે યુનિવર્સિટીને આપવાનો રહેશે.
(૭) યુનિવર્સિટીના વખતોવખત અમલમાં આવતા ધારા–ધોરણોનું ચૂસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળ લેખિત બાંહેધરી આપે.
(૮) કોલેજના સંચાલનમાં જો કોઈ ખોટ આવે તો તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ લેખિત બાંહેધરી આપે.
(૯) યુનિવર્સિટીના નિયમોનુસાર શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે તેમજ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નો ચૂસ્તપણે અમલ કરવામાં આવે.

(શૈક્ષણિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને એક વર્ષ માટે જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩૮) ધ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત ધ સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ફિઝીયોથેરાપીનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ધ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત ધ સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ફિઝીયોથેરાપીનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>શરતો :–</u>**

1. We recommend Upgradation of Therapeutic gymnasium.
2. Sports : adequate facility for indoor game is there, still one more table tennis table and two more carom boards may be purchased for the recreation of the students.
3. The management of the College / Institute shall give an undertaking that it will implement / follow / observe all the rules and regulations of the University that may be made applicable and in force from time to time.
4. The management of the College / Institute shall give an undertaking that the financial deficit, if any, that may result in running the college / courses will be borne by the management.
5. Teaching Faculty / Non – teaching staff will be appointed as per the University rules and as per the conditions laid down by the Syndicate and that the Ord. 69 (A) and 69 (B) will be strictly Followed by the College / Institute.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૩૯) સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન પત્રની તારીખથી ત્રણ મહિનામાં શરતોનું યથાર્થ પાલન કરી તે અંગેની લેખિત જાણ યુનિવર્સિટીને કરવાની શરતે ૨૦૦૪–૦૫ ના વર્ષ માટે બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ/વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. કાયમી ડાયરેકટરની નિમણૂંક કરવી.
૨. ૩ મેડીકલ ટેકનોલોજીના શિક્ષકોની તાત્કાલીક નિમણૂંક કરવી.
૩. પેથોલોજી વિષય માટે ૧ એન.ડી. પેથોલોજી થયેલ તજજ્ઞની વીઝીટીંગ ફેકલ્ટી તરીકે નિમણૂંક કરવી.
૪. લેબોરેટરીમાં ૨૦ માઈક્રોસ્કોપની, સેમી ઓટોમાઈઝરની, સ્પેકટ્રોમીટરની, માઈક્રોપીપેટની, લેમીનર ફ્લોની, ૧ બાયનોકયુલર માઈક્રોસ્કોપની ખરીદી કરવી.
૫. લેબોરેટરીમાં પોઝીટીવ સેમ્પલ મંગાવવા.
૬. લાયબ્રેરીમાં વિદ્યાર્થીને ૨ ટીકીટ ઈસ્યુ કરવી. લાયબ્રેરીમાં વધુ ૨૫,૦૦૦ ની બુકસ ખરીદવી, લાયબ્રેરનો સમય સાંજે ૬.૨૦ સુધી વધારવો, જેથી વિદ્યાર્થીઓ તેનો પૂરો ઉપયોગ કરી શકે.
૭. લાયબ્રેરીમાં ઝેરોક્ષની વ્યવસ્થા રાહત દરે ઉભી કરવી.
૮. લાયબ્રેરીમાં વિષયને અનુરૂપ મેગેઝીન તથા જર્નલ્સ મંગાવવા.
૯. વિદ્યાર્થીઓ માટે વાંચન માટે એક ખંડની વ્યવસ્થા કરવી.
૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું. ઓર્ડિનન્સ, 69A, 69B નું યથાર્થ પરીપાલન કરવું. (શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૦) શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નારણલાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ નાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૭ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ નાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન પત્રની તારીખથી શરત (૫) અને (૭) નું યથૉથ પાલન કરી એક અઠવાડિયામાં તે અંગેની જાણ યુનિવર્સિટીમાં મોકલવાની શરતે સને ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ ના શૈક્ષણિક વર્ષ માટે બી.ઍડ્. નું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. પૂર્ણ સમયનાં કાયમી આચાર્યની નિમણૂંક કરવી.
૨. બી.ઍડ્. કોલેજનું સ્વતંત્ર મકાન, લાયબ્રેરી, વાંચન માટે વાંચનરૂમ બનાવવાં.
૩. સ્ટાફ માટે સ્વતંત્ર કેન્ટીન વાળો સ્ટાફરૂમ (સ્વતંત્ર બાથરૂમ / ટોયલેટવાળા) બનાવવાં.
૪. પૂર્ણ સમયના બે શિક્ષકોની નિમણૂંક કરવી.
૫. ૨૦૦૨–૨૦૦૩ માં લીધેલ વધારાની તમામ ફી યુનિવર્સિટીમાં તાત્કાલિક જમા કરાવવી.
૬. એજ્યુકેશન ટેક. ની પ્રયોગશાળા તથા વિજ્ઞાનની પ્રયોગશાળા બનાવવી.
૭. ૬૨ વર્ષેથી ઉપરના કોઈ કર્મચારીની નિમણૂંક હોય તો તે તાત્કાલિક રદ કરવી.
૮. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું. ઓર્ડિનન્સ, 69A, 69B નું યથાર્થ પરીપાલન કરવું.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૧) સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ અને ૨૦૦૩–૦૪ નાં ચાલુ/વધારાના અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ નાં ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયૂકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ અને ૨૦૦૩–૦૪ નાં ચાલુ/વધારાના અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ નાં ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયૂકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોની પૂર્તતા કરવા સિન્ડિકેટે નિયુકત કરેલ પેટાસમિતિનો રીપોર્ટ વાંચનમાં લઈ શરતોનું યથૉથ પાલન કરવાની શરતોએ ૨૦૦૨–૦૩ અને ૨૦૦૩–૦૪ નું ચાલુ / વધારાનું જોડાણ અને ૨૦૦૪–૦૫ ના શૈક્ષણિક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. લાયબ્રેરીમાં લાયબ્રેરીયનની માન્યતા હજી મેળવાઈ નથી અને યુનિવર્સિટી નિયમ પ્રમાણે ક્વોલીફાઈડ નથી.

૨. ફીજીયોલોજી, ફોરેનશીક, એનાટોમી વિભાગમાં પૂર્ણ સમયનો સ્ટાફ નથી.

૩. ચોથા વર્ષમાં જરૂરી રેપર્ટરી વિભાગ હજી બનાવાયો નથી.

૪. મટેરીયા મેડીકા–ઓર્ગેનોન વિભાગ જેવા મહત્વના હોમીયોપેથીક વિષયના વિભાગને વિકસાવવો જરૂરી છે.

૫. કોઈ પણ વિભાગ–લેબોમાં ડિપાર્ટમેન્ટલ હેડની ઓફિસનું પ્રોવીઝન કરવામાં આવ્યું નથી. તેની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું. ઓર્ડિનન્સ, 69A, 69B નું યથાર્થ પરીપાલન કરવું.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૨) શ્રી સરભાણ સાર્વજનિક કેળવણી મંડળ, સરભાણ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ (જી. ભરૂચ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૩ નાં ચાલુ જોડાણ અને ૨૦૦૩–૦૪ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૧૦ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સરભાણ સાર્વજનિક કેળવણી મંડળ, સરભાણ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ (જી. ભરૂચ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૩ નાં ચાલુ જોડાણ અને ૨૦૦૩–૦૪ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધીન પત્રની તારીખથી ત્રણ મહિનામાં શરતોનું યથૉથ પાલન કરી તે અંગેની જાણ યુનિવર્સિટીને કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૩ નું ચાલુ અને ૨૦૦૩–૦૪ ના વર્ષનું ચાલુ જોડાણ આપવા કોમ્પ્લાયન્સ સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. સ્કુલનાં મકાનનાં સ્થાને મેનેજમેન્ટે તેનું સ્વતંત્ર મકાન તાત્કાલિક બનાવવું જોઈએ.

૨. યુનિવર્સિટીના નિયમોનુસાર માનદ્‌ હંગામી ટીચીંગસ્ટાફના સ્થાને પૂર્ણ સમયનાં શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ.

૩. યુનિવર્સિટીના નિયમોનુસાર માનદ્‌ હંગામી નોન–ટીચીંગ સ્ટાફના સ્થાને પૂર્ણ સમયનાં નોન ટીચીંગ સ્ટાફની નિમણૂંક કરવી જોઈએ.

૪. શિક્ષકો તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફને નિયમોનુસાર પગાર આપવામાં આવે.

૫. લાયબ્રેરીયનની નિમણૂંક કરી લાયબ્રેરીમાં રૂા. ૫૦,૦૦૦/– નાં વધુ પુસ્તકોની ખરીદ્દી કરવી જોઈએ.

૬. ઓર્ડિનન્સ ૬૯ એ અને ૬૯ બી નો ચૂસ્તપણે અમલ કરવામાં આવે.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૩) યુનિવર્સિટી સંલગ્ન બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમ પીજીડીએમએલટીમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫ થી ૩૦ ઉપરાંત વધારાની ૧૦ બેઠકો વધારી આપી કુલ ૪૦ બેઠકો આપવા માટે વિનંતી કરતાં પ્રસ્તુત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના તા. ૧૦–૦૬–૨૦૦૪ નાં પત્રાંક: પીજીડીએમટી/૧૦૩/૦૪–૦૫ થી મોકલાવેલ પત્ર ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૨૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત વિનંતીના સંદર્ભમાં સમિતિની નિમણૂંક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. (શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૪) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલીયા (તા. મહુવા) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ નાં ચાલુ/ વધારાનાં અને ૨૦૦૪–૦૫ નાં ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૦ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલીયા (તા. મહુવા) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ નાં ચાલુ/ વધારાનાં અને ૨૦૦૪–૦૫ નાં ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું ચૂસ્તપણે યથૉથ પાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ ના ચાલુ/ વધારાનાં અને ૨૦૦૪–૦૫ નું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. કોલેજનો કાર્યભાર અને તાસ યુનિ. ના નિયમ પ્રમાણે હોવા જોઈએ.
તથા સમય પાલનના નિયમનું પાલન કરવું અત્યંત જરૂરી છે. કોલેજ હાઈસ્કૂલના બિલ્ડીંગમાં ચાલે છે. જે ત્રણ કલાક માટે ફાળવવામાં આવે છે. આ સમયાવિધિ ઘણી જ ઓછી અને અપૂરતી છે તેથી કોલેજને મેનેજમેન્ટ દ્રારા ફાળવવામાં આવેલ આ મકાન અથવા તો બીજું કોઈ મકાન પાંચ – છ કલાક માટે એટલે કે પર્યાપ્ત સમય માટે ફાળવવામાં આવે એ શરતે વર્ષ ૨૦૦૪–૦૫ માટે કોલેજને જોડાણ આપવાની ભલામણ છે.

૨. કોલેજમાં વિષય વૈવિધ્યનો અભાવ છે જે દૂર કરવો.

૩. કોલેજની લાયબ્રેરી માટે ખરીદવામાં આવેલ પુસ્તકો તથા સામાયિકો અપૂરતાં છે અને વિષયનાં સંદર્ભમાં ગ્રંથો નહીવત્ છે તેથી તે અંગેની સમુચિત વ્યવસ્થા કરવી અને પચાસ હજાર રૂપિયા તે માટે ફાળવવા.

૪. કોલેજનું સમયપત્રક વ્યવસ્થિત ગોઠવવુ તથા રેગ્યુલર ટીચીંગ સ્ટાફની નિયુકિત કરવામાં આવે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવું. ઓર્ડિનન્સ, 69A, 69B નું યથાર્થ પરીપાલન કરવું. (શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૫) સરકારી બી.એડ્. કોલેજ, વાંસદા (જી. નવસારી) માં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૧ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી બી.એડ્. કોલેજ, વાંસદા (જી. નવસારી) માં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું ચૂસ્તપણે યથાર્થ પાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ ના માટે બી.એડ્. નું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. વિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર વિષયમાં મુલાકાતી વ્યાખ્યાતાઓને સ્થાને કાયમી વ્યાખ્યાતાઓની નિમણૂંક કરે.
૨. ગ્રંથપાલની નિમણૂંકની કાર્યવાહી કરે.
૩. બી.ઍડ્. અભ્યાસક્રમને આનુષાંગિક વધારાના પુસ્તકો ખરીદે.
૪. સ્વતંત્ર પ્રયોગખંડની વ્યવસ્થા કરી જરૂરી સાધનો ખરીદે.
૫. યુનિવર્સિટીને સ્વમૂલ્યાંકન અહેવાલ (પીએઆર) મોકલી આપે.
૬. ઓર્ડિનન્સ ૬૯ એ અને ૬૯ બી નું યથાર્થ પાલન કરવાની તથા ભરપાઈ કરવાની લેખિત ખાત્રી આપે.
૭. જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સુવિધાની સગવડ કરવામાં આવે.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૬) શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, તરસાડીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.સી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ નાં ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂ એ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, તરસાડીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.સી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ નાં ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂ એ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલના પાના નં. ૩ પર જણાવેલ સૂચન પૈકી ૧ રદ કરવું અને કોલેજને એ.આઈ.સી.ટી. પ્રમાણે રીડરની નિમણૂંક કરવા જણાવવું. જો રીડરની પોષ્ટ ન ભરાય તો તેના કારણો જણાવવા કોલેજને સૂચના આપવી તેમજ નીચેની શરતોનું ચૂસ્તપણે

યર્થાથ પાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ માટે એમ.સી.એ. નું ચાલુ અને વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**શરતો :–**

1 The problem of transpotation between Tarsadi-Bardoli should be taken into consideration by the management of the institute and possibilities be explored to provide necessary transport facilities to the students.

2. The management of the College / Institute shall give an undertaking that it will implement / follow / observe all the rules and regulations of the University that may be made applicable and in force from time to time.

3. The management of the College / Institute shall give an undertaking that the financial deficit, if any, that may result in running the college / courses will be borne by the management.

4. Teaching Faculty / Non – teaching staff will be appointed as per the University rules and as per the conditions laid down by the Syndicate and that the Ord. 69 (A) and 69 (B) will be strictly Followed by the College / Institute.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૭) શ્રી એમ. આર. દેસાઈ આર્ટસ્ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીમાં ચાલતા બી.સી.એ. ના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષે ૨૦૦૨–૨૦૦૩ નાં ચાલુ / વધારાના અને ૨૦૦૩–૦૪ તેમજ ૨૦૦૪–૦૫ ના ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી એમ. આર. દેસાઈ આર્ટસ્ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીમાં ચાલતા બી.સી.એ. ના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષે ૨૦૦૨–૨૦૦૩ નાં ચાલુ / વધારાના અને ૨૦૦૩–૦૪ તેમજ ૨૦૦૪–૦૫ ના ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅર ના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ સ્વીકારી નીચેની શરતોને આધીન બી.સી.એ. અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ ના ચાલુ/વધારાના અને ૨૦૦૩–૦૪ તેમજ ૨૦૦૪–૦૫ ના ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતો :–**

1. Two Lecturers should be appointed.

2. The management of the College / Institute shall give an undertaking that it will implement / follow / observe all the rules and regulations of the University that may be made applicable and in force from time to time.

3. The management of the College / Institute shall give an undertaking that the financial deficit, if any, that may result in running the college / courses will be borne by the management.

4. Teaching Faculty / Non – teaching staff will be appointed as per the University rules and as per the conditions laid down by the Syndicate and

that the Ord. 69 (A) and 69 (B) will be strictly Followed by the College / Institute.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

(૪૮) નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વરમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૨ નાં ચાલુ / વધારાના તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪ નાં ચાલુ અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧૦–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧૦–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વરમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૨ નાં ચાલુ / વધારાના તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪ નાં ચાલુ અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ સ્વીકારી નીચેની શરતોનું યર્થાથ પાલન કરવાની શરતે બી.બી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૦૨ ના ચાલુ/વધારાનું તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪ નાં ચાલુ અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ ના વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>શરતો :–</u>

1. The management of the College / Institute shall give an undertaking that it will implement / follow / observe all the rules and regulations of the University that may be made applicable and in force from time to time.
2. The management of the College / Institute shall give an undertaking that the financial deficit, if any, that may result in running the college / courses will be borne by the management.
3. Teaching Faculty / Non – teaching staff will be appointed as per the University rules and as per the conditions laid down by the Syndicate and that the Ord. 69 (A) and 69 (B) will be strictly Followed by the College / Institute.

(શૈક્ષણિક વિભાગ)

:: ઉપરોકત બાબતની વિચારણા મુલત્તવી રાખવામાં આવી છે.

